# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- ❖ **ચાંદીપુરા વાઇરસના રોગચાળાને અટકાવવા માટે રાજ્યમાં ૨૬૦ ટીમો દ્વારા ૧૧ હજાર ૫૦ ઘરોમાં કુલ ૫૬ હજાર ૬૫૧ વ્યક્તિઓનું સર્વેલન્સ કરાયું ..**
- ❖ **ચાંદીપુરા વાઇરસના રોગચાળાના નિયંત્રણ માટે રાજકોટમાં વિશેષ વોર્ડ તૈયાર જ્યારે મહિસાગરમાં હેલ્પલાઇન નંબર જાહેર કરાયો**
- ❖ **આજે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**
- ❖ **શનિવાર સુધીમાં NTAને નીટનું પરિણામ શહેરો અને કેન્દ્રો મુજબ વેબસાઇટ પર જાહેર કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ..**
- ❖ **શ્રીલંકાના પ્રવાસ માટેની જાહેર થયેલી ટી-20ની ટીમમાં ગુજરાતના હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલનો સમાવેશ..**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CHANDIPURA VIRUS

ગુજરાતમાં ચાંદીપુરા વાઇરસના ૩૩ જેટલા કેસ નોંધાયા છે.. જેમાંથી સાત જેટલા નમૂના પૂના પરિક્ષણ માટે મોકલાયા હતા જેમાંથી એક સેમ્પલ પોઝિટિવ આવ્યો હતો.. રાજ્યમાં ૨૬૦ ટીમો દ્વારા ૧૧ હજાર ૫૦ ઘરોમાં કુલ ૫૬ હજાર ૬૫૧ વ્યક્તિઓનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વાયરલ એન્કેફેલાઇટીસના શંકાસ્પદ કેસોની વર્તમાન સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાઓની સમિક્ષા કરી હતી.. વિડિયો કોન્ફરન્સ દ્વારા થયેલી આ સમીક્ષા બેઠકમાં રોગચાળા નિયંત્રણ માટે સમગ્ર રાજ્યમાં સઘન સર્વેલન્સ અને દવા છંટકાવ માટે ડ્રાઇવ ચલાવવા સૂચના આપવામાં આવી હતી..

રાજ્યમાં ૪ હજાર ૮૩૮ કાચા મકાનો અને ઢોર-કોઠાર વિસ્તારમાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવ્યું હોવાનું બેઠકમાં આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જણાવાયું હતું.

---

- પીટીસી—ગાંધીનગર, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# RAJKOT DR HARSAD DUSRA

રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ચાંદીપુરા વાયરસને લઈ વિશેષ વોર્ડની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં 7 આઈસીયુ બેડનો સમાવેશ થાય છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસ ના પાંચ શંકાસ્પદ કેસ નોંધાયા હતા અને પાંચેય દર્દીઓના મૃત્યુ થયા છે. આરોગ્ય વિભાગે લોકોને સાવચેત રહેવા સૂચના આપી છે. આ વિશે સિવિલ હોસ્પિટલના તબીબી અધિકારી ડો.હર્ષદ દૂસરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે,

**બાઈટ : ડો.હર્ષદ દૂસરા, નિવાસી તબીબી અધિકારી**

---

- પીટીસી – ડીડી NDMS , વિધિ મોદી

-(NAVIN)

# MAHISAGAR HELPLINE NUMBER

મહીસાગર જિલ્લામાં પણ શંકાસ્પદ ચાંદીપુરા રોગના શંકાસ્પદ લક્ષણો ધરાવતો એક કેસ નોંધાયો છે.. જો કે આ અંગેનો હજુ સુધી રિપોર્ટ આવ્યો નથી ત્યારે જીલ્લા તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે પગલાં લેવામાં આવી રહ્યાં છે..

સમગ્ર મહીસાગર જિલ્લામાં આરોગ્યની ટીમ દ્વારા અસરકારક કાર્યવાહી ડસ્ટિંગ ઉપરાંત જિલ્લામાં કાચા મકાનોમાં તીરાડો પુરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે જીલ્લા તંત્ર દ્વારા હેલ્પલાઇન નંબર 99257 85955 જાહેર કરાયો છે..

જેમાં રોગચાળાના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં બાળકોની વિગતો મોકલવા માટે જણાવાયુ છે. જેને કારણે રોગચાળો અટકાવવા માટે તંત્ર દ્વારા જરૂરી પગલાં લઇ શકાય.

---

- સોર્સ – દૂરદર્શન -હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GUJ. RAIN AAGAHI

હવામાન વિભાગે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

આજે સૌરાષ્ટ્રમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, દ્વારકામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ઉપરાંત સુરેન્દ્રનગર,અમરેલી,મોરબી,ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવના કેટલાક ભાગોમાં ભારે વરસાદના આગાહી છે.

દક્ષિણ ગુજરાત તેમજ દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા,પાટણ સહિત કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# RAIN

રાજ્યમાં કેટલાંક વિસ્તારોમાં ગત રાત્રી દરમિયાન વરસાદ થયો હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે વિરામ બાદ ગઇકાલે સવારથી ધીમીધારે વરસાદ વરસ્યો હતો પંરતુ ત્યારબાદ બપોર બાદ ધોધમાર વરસાદ વરસતા  રોડ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા તો દીવ ઝાંપા ગલીઓ માં જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

જ્યારે અમરેલીના વડીયા પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.. મોરવાડા, ખાન ખીજડીયા, તોરી, અનીડા, ખડખડ, બાટવા દેવલી, દેવાળકી ગામમાં ધોધમાર વરસાદે નગરમાં પાણીપાણ કરી દીધા હતા જ્યારે રાત્રિના સમયે પણ આ વરસાદ અવિરત વરસ્યો હતો...

---------------------------------------------------------------------

- પીટીસી—દિવ, અમરેલી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# NEET SC

સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTAને નીટ-યૂજી 2024ના તમામ પરીક્ષાર્થીઓના પરિણામો, શનિવારે બપોરે 12 વાગ્યા સુધીમાં વેબસાઇટ પર મૂકવા કહ્યું છે. મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી પારદીવાલા તેમજ ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠે ઉમેદવારોના નામ જાહેર ન કરતા, શહેર અને કેન્દ્ર પ્રમાણે પરિણામ પ્રકાશિત કરવા નિર્દેશ કર્યા છે.

સર્વોચ્ચ અદાલતની આ ખંડપીઠ મેડિકલ  પરીક્ષા સંદર્ભેની 40 અરજીઓ પર સુનાવણી શરૂ કરી છે. આગામી સુનાવણી સોમવારે થશે. આ પૂર્વે ખંડ પીઠે પરીક્ષાની વિશ્વસનિયતા સાથે ચેડાં થયા હોવાનું સ્વીકાર્યું હતું. જોકે અદાલતે કહ્યું કે, પરીક્ષા રદ્દ કરવી અંતિમ નિર્ણય ન હોઈ શકે, કારણ કે તેની સાથે 23 લાખથી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોડાયેલું છે.

---

- રિપીટ (સાંજની)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# PATAN BETHAK

પાટણ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક પ્રમુખ  દીપક પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં વિવિધ કામોને મંજૂર કરવામાં આવ હતી... આ ઉપરાંત બાળકોમાં ચાંદીપુરાનો રોગ જોવા મળી રહ્યો છે ત્યારે પાટણ જિલ્લામાં પણ આ અંગે પૂરતી તકેદારીના પગલાં ભરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સૂચના અપાઈ હતી. વળી, સરસ્વતી તાલુકાના કુબા ગામ ખાતે ચૂડવેલ નામની જીવાતનો ઉપદ્રવ વધ્યો હોય તેનું યોગ્ય નિરાકરણ લાવવા પણ સંબંધિત વિભાગને સૂચના અપાઈ હતી.

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MAHISAGAR- SHAHID DIVAS

મહીસાગર જીલ્લાના માનગઢ ખાતે ગઇકાલે શહીદ દિવસની ઉજવણી કરવામાં આવી. શહીદ થનાર આદિવાસી શહીદોને શ્રદ્ધાંજલિ આપવા રાજ્ય સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશથી મોટી સંખ્યામાં એકત્ર થયેલ લોકોએ શહીદ દિવસની ઉજવણી કરી હતી.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે, અમારા મહીસાગર જીલ્લાનાં પ્રતિનિધિ કૌશિક જોશી..

**(બાઇટ- કૌશિક જોષી- મહિસાગર- પ્રતિનિધી)**

---------------------------------------------------------------------

- પીટીસી-મહિસાગર-સંસ્કૃતિ ભૂંડિયા-ચશ્રી

# TRAIN

21 જુલાઈ ના રોજ વડોદરા મંડળના કનીજ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગના કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે તેમ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અખબારી યાદી પ્રસિધ્ધ કરીને જાહેરાત કરવામાં આવી છે. આ કામગીરીને કારણએ અગિયાર જેટલી ટ્રેનોને અસર થશે.

જેમાં અમદાવાદ- વડોદરા ઇન્ટરસિટી, આણંદ – અમદાવાદ મેમુ, અમદાવાદ વડોદરા મેમુ અને જામનગર ઇન્ટરસિટી જેવી ટ્રેનો 21મી જુલાઇએ રદ રહશે..જ્યારે ત્રણ ટ્રેન આંશિક રીતે રદ રહેશે..

---

- અખબારી યાદી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Indian Team Sirlanka

શ્રીલંકા સામે 27મી જુલાઇથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની T20 શ્રેણી માટે સૂર્યકુમાર યાદવને ભારતીય ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા છે, જ્યારે ઓગસ્ટમાં રમાનારી 50 ઓવરની શ્રેણી માટે વન-ડેનાં સુકાની રોહિત શર્મા અને વિરાટ કોહલીને સ્થાન આપવામાં આવ્યું છે.

શુભમન ગિલને બંને ફોર્મેટ માટે વાઇસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ટી-20માં સામેલ અન્ય ખેલાડીઓમાં યશસ્વી જયસ્વાલ, રિંકુ સિંહ, રિયાન પરાગ, ઋષભ પંત, સંજુ સેમસન, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, ખલીલ અહેમદ અને મોહમ્મદ સિરાજનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------

- પુલ, અનિલ પટેલ

# Kamdhenu University

કામધેનુ યુનિવર્સીટીની જુનિયર કલાર્કની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે જેમ નવી તારીખ 22 જુલાઈએ જાહેર કરાશે..

યુનિવર્સીટી દ્વારા આઠ સંવર્ગની સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ,વેટરનરી, ફિશરીઝ, ડેરી, લેબોઇરેટરી ટેક્નિશિયન આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, વેટરનરી ઓફિસર તેમજ જુનિયર કલાર્કની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા 18થી 20 જુલાઈ દરમ્યાન યોજાનાર હતી.

જેમાંથી ગત 18મી તારીખની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ થઇ છે. જે પૈકી 19 અને 20 જુલાઈના યોજનારી જુનિયર ક્લાર્કની પરીક્ષા બે દિવસના બદલે એક જ દિવસે લેવાય તેવી ઉમેદવારોની માંગને ધ્યાને રાખી 19 તેમજ 20 તારીખે યોજાનાર જુનિયર કલાર્કની CBT પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાનો નિર્ણય કરાયો છે. આ પરીક્ષાની નવી તારીખ કામધેનુ યુનિવર્સીટીની વેબસાઈટ પર 22 જુલાઈના રોજ મુકવામાં આવશે. તેમ યુનિવર્સીટીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

---

-માહિતી સરફરાઝ -(NAVIN)